# આવતીકાલે રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી એસ્ટોલ પ્રોજેક્ટનો પ્રધાનમંત્રીના હસ્તે શુભારંભ

**એન્જિનિયરિંગની દ્રષ્ટિએ એક ચમત્કારિક સિદ્ધિ છે એસ્ટોલ પ્રોજેક્ટ : મધુબન બંધ મારફતે દરરોજ ૭.૫ કરોડ લીટર પાણીને લગભગ ૨૦૦ માળ (૧૮૩૭ ફીટ)ની ઉંચાઈ સુધી ઉપર પહોંચાડીને પાણીનું વિતરણ કરવામાં આવશે**







વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ જૂનના રોજ એક વાર ફરી ગુજરાતની મુલાકાત લેશે અને પોતાની આ મુલાકાત દરમિયાન તેઓ અનેક મોટા પ્રોજેક્ટ્સને ગુજરાતની જનતાને સમર્પિત કરશે, જેમાંનો એક એસ્ટોલ પ્રોજેક્ટ પણ છે, જેનું તેઓ ઉદ્ઘાટન કરશે. રાજ્ય સરકાર જણાવે છે કે આ પ્રોજેક્ટ વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના ૧૭૪ ગામડાઓ અને ૧૦૨૮ ફળિયાઓમાં રહેનારા ૪.૫૦ લાખ લોકોના જીવનમાં એક નવું પરિવર્તન લાવશે.

ગુજરાત સરકારના આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંગે જાણકારી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, "વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા વિસ્તારમાં એસ્ટોલ પ્રોજેક્ટને પૂર્ણ કરવો એ અમારા માટે એક મોટો પડકાર હતો, પરંતુ મને ખુશી છે કે અમારા એન્જિનિયર્સે આ તમામ પડકારોનો સામનો કરીને આ પ્રોજેક્ટ પૂરો કરી લીધો છે. એન્જિનિયરિંગની દ્રષ્ટિએ પણ એસ્ટોલ પ્રોજેક્ટ એક મોટી ચમત્કારિક સિદ્ધિ છે. તેના દ્વારા લગભગ ૨૦૦ માળ (૧૮૭૫ ફીટ)ની ઉંચાઈ સુધી પાણીને ઉપર પહોંચાડીને આ પહાડી વિસ્તારમાં પાણીનું વિતરણ અમે શક્ય બનાવ્યું છે. માનનીય વડાપ્રધાન દ્વારા તેના ઉદ્ઘાટન પછી ધરમપુર અને કપરાડા વિસ્તારના ૧૭૪ ગામડાઓમાં રહેતા ૪.૫૦ લાખ લોકોનું જીવન સંપૂર્ણપણે બદલાઈ જવાનું છે."

### શું છે એસ્ટોલ પ્રોજેક્ટ

- મધુબન બંધ (વોટર હોલ્ડિંગ ગ્રોસ કેપેસિટી ૫૬૭ મિલિયન ક્યુબિક મીટર) ના પાણીને પંપિંગ સ્ટેશનથી ઉપર ઉઠાવીને (લિફ્ટ ટેક્નિક) લોકોના ઘરો સુધી પાણી પહોંચાડવાની યોજના છે.
- આ પ્રોજેક્ટ હેઠળ ૨૮ પંપિંગ સ્ટેશન્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમની ક્ષમતા ૮ મેગાવોટ વોલ્ટ એમ્પિયર (સ્ફછ) છે, જેના દ્વારા દરરોજ લગભગ ૭.૫ કરોડ લીટર પીવાના પાણીને ૪.૫૦ લાખ લોકો સુધી પહોંચાડવામાં આવશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત ૮૧ કિમીની પંપિંગ લાઇન, ૮૫૫ કિમીની ડિસ્ટ્રિબ્યુશન લાઇન અને નાની-નાની વસાહતો સુધી પાણી પહોંચાડવા માટે ૩૪૦ કિમી લાંબી પાઇપલાઇન બિછાવવામાં આવી છે.
- પીવાના શુદ્ધ પાણીને ઉપલબ્ધ કરાવવા માટે બે ફિલ્ટર પ્લાન્ટ (બંનેની દરરોજની ૩.૩ કરોડ લીટર પાણીની ક્ષમતા) ની સ્થાપના, જેમની કુલ ક્ષમતા પ્રતિદિન ૬.૬ કરોડ લીટર પાણીની છે.
- પાણીનો સંગ્રહ કરવા માટે આ વિસ્તારોમાં ૬ ઉંચી ટાંકીઓ (૦.૪૭ કરોડ લીટરની ક્ષમતા), ૨૮ અંડરગ્રાઉન્ડ ટાંકીઓ (૭.૭ કરોડ લીટરની ક્ષમતા) અને ગામડાઓ તેમજ ફળિયાઓમાં જમીન સ્તરની ૧૨૦૨ ટાંકીઓ (૪.૪ કરોડ લીટરની ક્ષમતા)નું નિર્માણ કરવામાં આવ્યું છે.

પાઇપલાઇનને બિછાવવામાં પણ કરવામાં આવ્યો છે વિશિષ્ટ ટેક્નિકનો ઉપયોગ

- અહીંની જમીનની રચના અનુસાર જ અહીંયા પાઇપલાઇન બિછાવવામાં આવી છે, જે ક્યાંક ઊંચી છે તો ક્યાંક નીચી છે.
- આ કારણે આ પાઇપોમાં કેટલાક સ્થળોએ પાણીનું દબાણ સામાન્ય છે, તો કેટલાક સ્થળોએ પાણીનું દબાણ સામાન્ય કરતા ઘણું વધારે (૪૦ પ્રતિ કિગ્રા સેન્ટિમીટર સ્કૉયર) છે. આ દબાણ એટલું વધારે છે કે તેનાથી પાઇપલાઇનોને ઘણું નુકસાન પહોંચી શકે છે.
- આ તમામ મુશ્કેલીઓના સમાધાન તરીકે મુખ્ય પાઇપની અંદર ૧૨ મિલિમીટર જાડાઈની માઇલ્ડ સ્ટીલ પાઇપનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી મુખ્ય પાઇપને ફાટવાથી બચાવી શકાય.

### એન્જિનિયરિંગ ક્ષેત્રે એક મોટો ચમત્કાર

ગુજરાત સરકારનો એસ્ટોલ પ્રોજેક્ટ એન્જિનિયરિંગની દ્રષ્ટિએ એક ચમત્કાર જ કહી શકાય! એવું એટલા માટે કહી શકાય કારણકે આ પ્રોજેક્ટ હેઠળ મધુબન બંધથી પાણીને લગભગ ૨૦૦ માળની ઉંચાઈ સુધી પાણીને ઉપર ઉઠાવીને (લિફ્ટ ટેક્નિક) ધરમપુરના ૫૦ ગામો અને કપરાડાના ૧૨૪ ગામો (કુલ ૧૭૪ ગામો) સુધી પહોંચાડવામાં આવશે. પહેલીવાર એવું થઈ રહ્યું છે કે મધુબન બંધના પાણીને પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. આ પહેલા આ બંધનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવતો હતો. જોકે, પીવાના પાણીની સાથે-સાથે આ બંધના પાણીનો પહેલાની જેમ જ સિંચાઈ માટે પણ ઉપયોગ કરવાનું ચાલુ રહેશે.

### ગુજરાત માટે પ્રોજેક્ટ શા માટે છે ખાસ

આદિવાસી વિસ્તાર ધરમપુર અને કપરાડાની ભૌગોલિક રચના એવી છે કે ત્યાં ન તો વરસાદના પાણીનો સંગ્રહ થઈ શકે છે કે ન તો ભૂગર્ભજળની પરિસ્થિતિ સારી છે, કારણકે અહીંની મોટાભાગની જમીન પથરાળ છે અને તેના કારણે વર્ષાઋતુના સમયમાં અહીંના જળાશયોમાં પાણી તો ભરાઈ જાય છે, પરંતુ તે પાણી જમીનની અંદર નથી ઉતરી શકતું. તેના કારણે વર્ષાઋતુના થોડાક સમય પછી જ અહીંના જળાશયો સંપૂર્ણપણે સૂકાઈ જાય છે. વર્ષ ૨૦૧૮માં રૂ.૫૮૬.૧૬ કરોડના ખર્ચે આ પહાડી વિસ્તારમાં રહેતા લોકો સુધી દરરોજ પીવાનું પાણી પહોંચે તેવા ઉદ્દેશથી રાજ્ય સરકારે એસ્ટોલ પ્રોજેક્ટની શરૂઆત કરી.

# ચૂંટણીમાં જીતવા આપ પાર્ટીએ જૂનુ માળખું વિખેરી નાંખ્યુ

**પ્રદેશ અધ્યક્ષ સિવાયના તમામ હોદ્દાઓ દૂર કરાયા નવા માળખાની ટૂંક સમયમાં કરાશે જાહેરાત**

અમદાવાદ, તા.૮

આમ આદમી પાર્ટીએ આગામી ચૂંટણીને લઈ મોટી જાહેરાત કારી છે. ભાજપને હરાવવા માટે નવું માળખું રચવાની જાહેરાત આમ આદમી પાર્ટી ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ કરી છે. તેમણે કહ્યુ કે, અમે અત્યારથી જ આપનું જૂનુ માળખું અહીં સમાપ્ત કરીએ છીએ. પ્રદેશ અધ્યક્ષ સિવાય તમામ પદ સમાપ્ત કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીએ આગામી ચૂંટણીને લઈ મોટી જાહેરાત કરી છે. ભાજપને હરાવવા માટે નવું માળખું રચવાની જાહેરાત ગોપાલ ઈટાલિયાએ કરી છે. તેમનું કહેવું છે કે આપ હાલથી જ આપનું જૂનું માળખું અહીં સમાપ્ત કરીએ છીએ. પ્રદેશ અધ્યક્ષ સિવાય તમામ પદ સમાપ્ત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીનું જે માળખું રચવામાં આવ્યું હતું તેઓ માત્ર આમ આદમી પાર્ટીના વિચારો લોકો સુધી પહોંચાડવા માટેનું હતું, પણ હવે પછી જે નવું માળખું રચાશે તે ભાજપને હરાવવા માટેનું રહેશે. નવા માળખાની જાહેરાત ટૂંક સમયમાં કરાશે.

ચૂંટણી આવતા જ ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ નવાજૂની કરવાની શરૂઆત કરી દીધી છે.

એક તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાત આવીને સભાઓ ગજવી રહ્યાં છે. બીજી તરફ, આમ આદમી પાર્ટી જીત તરફ લક્ષ્યાંક રાખીને પાર્ટીમાં મોટા બદલાવ કરી રહ્યાં છે. જેમાં શરૂઆત નવા માળખાથી કરશે.

# વડોદરાના ડૉક્ટર દર્શન બેન્કરના હોસ્પિટલ-ઘરે આઈટીના દરોડા

અમદાવાદ,તા.૮

વડોદરાના જાણીતા ડોક્ટર દર્શન બેન્કરની જુના પાદરા રોડ સ્થિત હોસ્પિટલ અને તેઓના નિવાસ સ્થાને આજે વહેલી સવારથી ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ દરોડો પાડી કાર્યવાહી શરૂ કરી છે તેઓની સુરત ખાતેની હોસ્પિટલમાં પણ આવકવેરા વિભાગે તપાસ કરી હોવાનું બહાર આવ્યું છે.

ગુજરાતમાં કોરોના કાળ દરમિયાન કોર્પોરેશન દ્વારા નક્કી કરેલા ભાવ કરતાં પણ મનસ્વી રીતે કોરોના ના દર્દીઓ પાસેથી લાખો રૂપિયાની વસૂલાત કરનાર ડોક્ટર દર્શન બેક્કર્સ વિવાદમાં આવ્યા હતા ત્યાંરે તેઓએ કરોડો રૂપિયાની બેંક લોન લઈને શરૂ કરેલી અન્ય હોસ્પિટલોની લોન પણ કોરોના કાળમાં મનસ્વી રીતે કરેલી કમાણીમાંથી ભરપાઈ કરી દીધી હોવાની પણ વિગતો બહાર આવી હતી.

ડોક્ટર દર્શન બેન્કર્સની વડોદરામાં ચારથી પાંચ હોસ્પિટલો આવેલી છે તદુપરાંત સુરતમાં પણ તેઓએ હોસ્પિટલ શરૂ કરી હતી. આ હોસ્પિટલો પૈકી જુના પાદરા રોડ સ્થિત બેન્કર્સ હોસ્પિટલ તેમજ તેમના નિવાસસ્થાન અને તેમની સાથે સંકળાયેલા અન્ય ડોક્ટર્સને ત્યાં પણ આજે વહેલી સવારથી ૫૦ જેટલા આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમોએ સર્ચ ઓપરેશન કર્યું હતું.

# સુરેન્દ્રનગરમાં અઢી વર્ષનું બાળક બોરવેલમાં પડ્યું

**આર્મી જવાનોએ ભારી જહેમત બાદ બહાર કાઢ્યું : શિવમ અંદાજે ૨૦ ફુટ જેટલે નીચે બોરમાં ફસાઇ ગયો હોય જેના કારણે માતાપિતાના બચાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા હતા**

અમદાવાદ,તા.૮

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના દુદાપુર ગામની સીમમાં આવેલી વાડીમાં મંગળવારે સાંજના સાત વાગ્યાની આસપાસ બેથી અઢી વર્ષનો શિવમ રમતાં રમતાં ૩૦૦ ફુટથી વધુ ઉંડા બોરમાં પડી ગયો હતો. મંગળવારે સાંજના સમયે તેના માતા રસોઇ બનાવી રહ્યા હતા અને પિતા ખેતરમાં મજૂરી કરી રહ્યા હતા. આ દરમિયાન બાળક રમતાં રમતાં ખુલ્લા બોર નજીક આવતા બોરમાં પડી ગયું હતુ. બાળકના પડવાનો અવાજ આવતા સૌ પ્રથમ તેની માતા દોડી આવી હતી અને શિવમના પિતાને બોલાવી શિવમને બચાવવા માટે પ્રયાસો હાથ ધર્યા હતાં. શિવમ અંદાજે ૨૦ ફુટ જેટલે નીચે બોરમાં ફસાઇ ગયો હોય જેના કારણે માતાપિતાના બચાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. જેથી વાડી માલિક અને ગામલોકોને જાણ કરતાં સ્થાનિકોએ ઘટનાની જાણ તંત્રને કરી હતી. જેના કારણે તાત્કાલિક ફાયરબ્રિગેડ, ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ સ્ટાફ તેમજ આરોગ્યની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ સાથે તંત્ર દ્વારા અમદાવાદ દ્રઢઈહ્નની ટીમને પણ જાણ કરવામાં આવી. આ સાથે તંત્ર દ્વારા ધ્રાંગધ્રા આર્મીની મદદ લેવામાં આવી હતી. ઘટનાસ્થળે ધ્રાંગધ્રા આર્મીની ટીમ આવીને ખૂબ ટુંક સમયમાં લગભગ ૪૦ મિનિટમાં આ બાળકને રેસ્ક્યુ કરીને બહાર જીવિત કાઢવામાં સફળતા મળી હતી.



# પાટણમાં ભારે પવનથી મકાનોના પતરા ઉડ્યા

**પાટણના સાંતલપુર તાલુકામાં ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા ૧૦ વધુ મકાનોના પતરાં ઉડ્યા હતા, સદનસીબે તેમાં મોટી જાનહાનિ ટળી હતી : લીંબડીમાં વીજળી પડતાં એકનું મોત : ગુજરાતમા વરસાદની અસર શરૂ**

અમદાવાદ,તા.૮

આગામી ૫ દિવસ રાજ્યના વાતાવરણમાં મોટો બદલાવ થશે. કારણ કે, રાજ્યના વિવિધ વિસ્તારમાં થન્ડરસ્ટોર્મની અસર જોવા મળશે. જોકે, મંગળવારથી જ તેની અસર જોવા મળી છે. થન્ડર સ્ટોર્મની અસરથી રાજ્યના ૫ જિલ્લાના ૧૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સાથે જ પાટણના સાંતલપુર તાલુકામાં ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા ૧૦ વધુ મકાનોના પતરાં ઉડ્યા હતા. સદનસીબે તેમાં મોટી જાનહાનિ ટળી હતી. આમ, થન્ડર સ્ટોર્મની અસર વચ્ચે આગામી ૫ દિવસ રાજ્યના વાતાવરણમાં પલટો જોવા મળશે, પવનની ગતિ ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી શકે, જોકે ઉત્તર ગુજરાતમાં વરસાદની સંભાવના નહીવત્ છે. તેમજ પ્રથમ વરસાદની વીજળીએ લીંબડી તાલુકાના એક યુવકનો ભોગ લીધો છે. મધરાતે લીંબડી તાલુકાના જાંબુ અને નટવરગઢ ગામ વચ્ચે વીજળી પડતા યુવકનું મોત નિપજ્યુ છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, આગામી ૫ દિવસ રાજ્યના વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળશે. કારણ કે, રાજ્યના વિવિધ વિસ્તારમાં થન્ડરસ્ટોર્મની અસર થશે. જેમાં પવનની ગતિ પણ ૩૦થી ૪૦ દ્મઙ્મ પ્રતિ કલાકની રહી શકે છે. તો આજે બનાસકાંઠા, અમદાવાદ સહિતના વિસ્તારમાં મોટાપાયે તેની અસર જોવા મળશે. આજથી ૧૦ જૂન કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ પડી શકે છે. તો દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ વરસાદની શક્યા છે. આજથી ૧૦ જૂન સુધી ગુજરાતમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે.



થન્ડર સ્ટોર્મની અસર મંગળવારે રાજ્યના ૫ જિલ્લામાં જોવા મળી હતી. ગઈકાલે ગુજરાતના ૧૨ તાલુકામાં વરસાદ પડ્યો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો ભીંજાયા હતા, જેથી વાતાવરણ ખુશ્નુમા બન્યુ હતું. લોકોએ ગરમીથી રાહતનો શ્વાસ લીધો હતો. અમરેલી, અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદમાં વરસાદ નોંધાયો હતો. તો અમરેલીના લાઠીમાં સૌથી વધુ પોણા ત્રણ ઈંચ વરસાદ તૂટી પડ્યો હતો.

ઉત્તર ગુજરાતમાં અમદાવાદના ધંધુકામાં ૧.૫ ઈંચ વરસાદ પડ્યો હતો. તો સુરેન્દ્રનગરના ચુડામાં પોણો ઈંચ અને લીંબડીમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. થન્ડર સ્ટોર્મની અસરના ભાગરૂપે પાટણ જિલ્લાના વાતાવરણમા પલટો આવ્યો હતો. વાતાવરણના પલટાના ભયાનક વીડિયો પણ સામે આવ્યા, જેમાં સાંતલપુર તાલુકાના વારાહીમાં તબાહીના દ્રશ્યો જોવા મળ્યા છે.

## નઝારો નિખર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનો હજુ આકરો ઉનાળો વેઠી રહ્યા છે. દિવસની સાથે રાત્રિનુ તાપમાન પણ ઉંચુ રહેતા રાત્રિના સમયે પણ શહેરીજનો ગરમી અનુભવી રહ્યા છે. આજે સવાર તેમજ સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ ગઈકાલની સાપેક્ષમાં સાંજના સમયે ભેજનુ પ્રમાણ બેવડાયુ હતુ. છેલ્લા ત્રણ મહીનાથી કાળઝાળ ગરમીમાં શેકાતા શહેરીજનો હવે હીટવેવથી તોબા પોકારી ગયા છે. આ વર્ષે ગરમીએ વર્ષોનો રેકર્ડ તોડી નાંખ્યો છે. જયારે ગરમીની સિઝિનના મોટાભાગના દિવસોમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી ઉપર રહેતા સતત હીટવેવના પ્રકોપથી જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. આકરી ગરમીના લીધે બાળકો અને વડીલો પણ વિશેષ પ્રભાવિત છે. આકરી ગરમીના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ગરમીના લીધે ઝાડા ઉલ્ટી અને સનસ્ટ્રોકના કિસ્સા હજુ પણ સામે આવી રહ્યા છે. ત્યારે હવે આકાશમાં કયારેક મંડરાતા વરસાદી વાદળો વહેલાસર વરસવાનુ શરૂ કરે તેવી આશ સાથે શહેરીજનોની નજર રોજબરોજ નભ તરફ મંડરાઈ રહી છે.

## સ્થિતિ નાજુક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલુ જ નહિ પણ આયોજનબદ્ધ અને સંતુલિત વિકાસ પર લક્ષ્ય ઓછુ કરવામાં આવતાં જિલ્લા પંચાયતની આર્થિક સ્થિતિ કદાચ છેલ્લા ત્રણ દાયકામાં પહેલીવાર નાજુક સ્થિતિ તરફ જઈ રહી છે. નવી આવક ઉભી કરવા તેમજ વર્તમાન સ્ત્રોતમાંથી વધુ આવક મેળવવાના પ્રયાસો નક્કર રીતે હાથ નહિ ધરાયા હોવાની વાતો હવે સત્તાધારી પક્ષના સભ્યો જ કહી રહ્યા છે. સ્વભંડોળની આવક છેલ્લા બે વર્ષથી ઘટી છે ત્યારે ચોક્કસ આયોજન પણ નહિ કરવામાં આવતું હોવાનું અને નાણાંકીય સ્થિતિ પર સત્તાધીશો નજર રાખવામાં નિષ્ફળ રહ્યા હોવાનું કોંગી સભ્યો કહી રહ્યા છે.

## અભાવ સામે રોષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેળવી તેમાં વસવાટ પણ શરૂ કરી દીધો છે. પરંતુ આવાસોમાં વિવિધ ઠેકાણે ટાઇલ્સો ઉખડી જવાની ફરિયાદો પણ વધી છે ત્યારે ટાઇલ્સો નવી નાંખવાની કામગીરીના અંતે પણ આવાસોની દશા સુધરે તેમ નથી એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ આ આવાસોમાં પણ જોવા મળે છે. ગુડાએ રાયસણ અને અડાલજ સહીતના એલ આઈ જી આવાસો માટે પણ જાળવણીની જવાબદારી ઉઠાવાની થતી હતી પરંતુ આવાસો ભાડે આપવામાં આવ્યા હોવાની વાત સાથે નિયમોનુ પાલન કરવા માટે લાભાર્થીઓને નોટીસ આપી તંત્રએ જાણે હાથ ઉંચા કરી લીધા છે. ગુડાની નીતી પ્રમાણે લાભાર્થીઓએ જ નિયમોનુ પાલન કરવાનુ ચોક્કસ થાય છે પરંતુ આવાસ ખરીદવા માટે જરૂરિયાતમંદો તગડા વ્યાજ સાથે લોન લઈ પૈસા ભર્યા હોવા છતા માથે પાકી છત મળે તે વાતનો સંતોષ મેળવી શક્યા ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. કુડાસણમાં પણ એમ આઈ જી આવાસો પાછળ લાભાર્થીઓએ ૧૭ થી ૧૮ લાખની તગડી રકમ ચુકવી છે. શહેરના પોશ વિસ્તારમાં નિર્માણ કરાયેલી આ યોજના અન્વયે ગુડાનુ તંત્ર સ્થળ પસંદગીના મામલે નંબર વન પુરવાર થયુ છે પરંતુ કામગીરીમાં ગુણવત્તાના નામે મીંડુ ચિતરાયેલુ હોવાનો રોષ દિનપ્રતિદિન પ્રબળ બની રહ્યો છે.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મૂંઝારો, દુઃખ, ચિંતા તો ઓશિકે દબાવી રાખે કદાચ એટલે જ પુરષોને હાર્ટ એટેક વધારે આવતા હશે ! પિતા તો ધૂપસળી જેવા જેની જલન ન દેખાય... બસ એની ધુમ્રસેરો વાતાવરણને બહેંકાવતી રહે. એટલે જ કોઈએ કહ્યું છે,પિતા વારસાનો વડલો ને વહાલનો વરસાદ. ભલે ધગધગતા જવાળામુખી લાગે પણ ભીથરથી તે સાવ ભીના ભીના...

અરે, મિત્રો.... આલિશાન બંગલાની પ્રત્યેક ઈંટમાં પિતાજીના પ્રસ્વેદનો કલર ભળેલો હોય છે... એ કદી અનુભવ્યો છે ખરો ?!! કવિ ન્હાનાલાલના 'પિતૃતર્પણ'ના શબ્દો યાદ આવે,

'હું યે તને લઈ આવીણા સ્મરું છું ગણ આપના,
પુણ્યશ્લોક પિતા ! મંત્રો જપું છું પિતૃ જાપના.'

દોસ્તો, એ ન ભૂલશો દેખાવે રૂક્ષ - બરછટ દેખાતા પિતાજી રૂક્ષ નથી વૃક્ષ છે, એમની શીતળ છાંયડીમાં બેસી જુઓ જરૂર ઠંડક અનુભવાશે !!!

બાપા.... બાપુજી... પપ્પા... ડેડી ... ને હવે ડેડ - જે કહો તે એમણે તો ખુમારીભેર આપણને ઉછેર્યા - મોટા કર્યા.... હવે એમને એમના સદ્ગુણોમાં જીવાડીએ તો ખરું !!!

**સ્પર્શમણિ :**

બસ એટલી જ વિનંતી સૌને કે, જેણે તમને 'ઘોડિયે' સાચવ્યા.. તેને તમે 'ખાટલે' સાચવજો!

- બારાખડી શિખવાડનાર બા રખડી ન પડે તો જાણવું કે આપણે ભણેલાં...
- માણસ કોઈને ખોટું ના લાગે, એના માટે કેટલું બધું ખોટું બોલે છે.

rasikvaland1965@gmail.com, Mo. 9913426949

## નખરાળી જિંદગી

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મળે ત્યારે એમના અંગત સંબંધોમાં દરાર આવવા લાગે છે. એમની કલ્પના જેટલી સુંદર હોય છે વાસ્તવિકતા એટલી જ બેહાલ અને અંતે પતિપત્ની વચ્ચે તણાવ આવી જાય છે.

જેમ કોઈ દારૂનો બંધાણી રોજ એક ગ્લાસ દારૂ પીતો હોય એને લાંબા ગાળે પછી એક ગ્લાસ પીધા બાદ સહેજે નશો ના ચઢે અને એ બીજો ગ્લાસ પીવા આકર્ષાય એવું જ અહીંયા પણ થાય છે. નિયમિત પોર્ન જોવાના શોખીન લોકોને એક સમય બાદ એકનું એક જોવાનો કંટાળો આવવા લાગે છે. એમને પછી વધારે ઉત્તેજના અનુભવાય એવા દ્રશ્યો જોવા હોય છે અને એટલે જ લોકો એક પાત્રને પીડા આપીને કે બળજબરી કરીને પોતાની વાસના સંતોષતા હોય એવા વિડિયો જોવા લાગે છે. કેટલાક વળી ચાઈલ્ડ પોર્નોગ્રાફી જોવાના આદિ થઈ જાય અને આટલું બધું જોઈ લીધા બાદ પણ છેલ્લે એ માણસ હતાશ થઈ જાય છે! કેટલાક નબળા મનમાં માણસો ગંભીર ગુના પણ આચરી લે છે અને જીવનના મહત્વના વરસો જેલમાં વિતાવે છે.

હજી એ સાબિત નથી થયું પણ સોશિયલ મીડિયા જેમ કે ફેસબુક, ઈંસ્ટાગ્રામ, ટ્વીટર વગેરે પણ તમને એના બંધાણી બનાવી શકે છે. નવરા પડો કે તરત જ ફોન હાથમાં લઈ કોણે શું પોસ્ટ કર્યું કે કોણે શું કૉમેન્ટ કરી એ જોયા વગર તમને ચેન ના પડતું હોય તો ચેતી જજો. સોશિયલ મીડિયાને ફક્ત મનોરંજન માટે વાપરતા હોં ત્યાં સુધી બધું બરાબર છે એ સરસ પ્લેટફોર્મ છે પણ તમને જો તમારો કામધંધો મૂકીને એની પાછળ લાગી રહેવાનું મન થતું હોય તો વિચારવું પડે.

તમને લાગતું હોય કે તમે કોઈ આદતના બંધાણી થઈ ગયા છો અને ઈચ્છવા છતાં એમાંથી બહાર નથી આવી શકતા ત્યારે તમારા મિત્રો સાથે, પરિવાર સાથે એ વિશે ખુલ્લા મને ચર્ચા કરો. એ લોકોનો સહકાર તમને આ આદત છોડાવવામાં ખૂબ ઉપયોગી સાબિત થશે. જરૂર પડે તમે ડૉક્ટર પાસે પણ જઈ શકો છો એમાં શરમાવા જેવું કશુંય નથી.

**અમસ્તું,** આદત કોઈ પણ હોય એને તમારી લત ના બનવા દો!

@KapadiaNiyati

## સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આકાશ ફિક્કું હસ્યો, "મૈં જીસકે લિયે જીના ચાહતા હૂઁ વો તો ચંડીગઢમેં બૈઠી હૈ. લગતા હૈ ઈસ જનમમેં હમારા મિલના નહીં લિખા હૈ. અગલે જનમમેં મિલેંગે." એ સાંભળતાં જ એરહોસ્ટેસ સ્થિર થઈ ગઈ. અને આગળ વધી ગઈ.

થોડી વારમાં જ તોફાન શાંત થવા લાગ્યું. પૃથ્વી પર સંપર્ક જોડાવા લાગ્યો. પરિસ્થિતિ કાબૂમાં આવી રહી હોવાનું એનાઉન્સમેંટ થવા લાગ્યું. લોકોના જીવમાં જીવ આવવા લાગ્યો. આફતની ઘડી ટળી ગઈ.

થોડા સમય પછી જ્યારે વિમાન એરપોર્ટ પર લેન્ડ થયું અને બધા પેસેન્જર્સ નીકળવા લાગ્યા ત્યારે હાથ જોડીને ત્યાં ઊભી રહેલી ત્રણેક એરહોસ્ટેસને જોઈને આકાશે નોંધ્યું કે પોતાની સાથે વાત કરી હતી એ એરહોસ્ટેસ ત્યાં નહોતી. પણ કોરિડોરમાં આગળ ચાલતાં એણે એ જ એરહોસ્ટેસને થોડે દૂર સામે ઊભેલી જોઈ. એ છેક અહીં કેવી રીતે આવી ગઈ એવા આશ્ચર્યમાં ગરકાવ આકાશની સામે જોઈને એ બોલી, "અપને પ્યારસે મિલને કે લિયે કોઈ જા રહા હો તો ઉસકી જાન ઐસે હાદસેમેં નહીં જાની ચાહીયે. ફીર ઉસકી રૂહકો કહીં શાંતિ નહીં મિલતી. જૈસે....જૈસે મુઝે નહીં મિલી." એટલું કહીને એ કોરિડોરની કાચની બંધ વિન્ડોમાંથી બહાર નીકળીને અલોપ થઈ ગઈ. આકાશ બેગ પકડીને જડવત ખોડાઈ રહ્યો.

## પાંચ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોરજ ગામમાં ૭૨ વર્ષીય માતા અને ૫૨ વર્ષીય દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મા-દિકરો અમદાવાદ ગયા હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ પાંચેય કેસના દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. ગાંધીનગર શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૩૫ને પાર કરી ગઈ છે. છેલ્લા એક જ સપ્તાહમાં ૧૩ કેસ નોંધાયા હોવાથી તંત્ર એકદમ સતર્ક બની ગયુ છે.